શહેરમાં કદમાં નાની પણ ભારેખમ ઘો નું વધતું પ્રમાણ

ખોરાક માટે ભટકતી ઘો શહેરીજનોના ઘરની આસપાસ જોવા મળી રહી છે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરમાં પાટલા ઘો નું પ્રમાણ વધી જવા પામ્યું છે. શહેરીજનોના ઘરની આસપાસ ફરતી જોવા મળી રહી છે. ઉનાળામાં ખોરાકની શોધ માટે ભટકતી પાટલા ઘો થી ભયનો માહોલ પણ જોવા મળી રહ્યો છે. કારણ કે તે દેખાવથી કોઈ પણ વ્યક્તિ ડરી જાય તેવો તેનો દેખાવ હોય છે. શહેરીજનોના ઘરોની આસપાસ કે ઘરમાં સરીસૃપ જેવા કે ગરોળી, કાચીંડા, કુંડામાં સરપોલીયા જોવા મળતા જ હોય છે પરંતુ આ પાટલા ઘો ગરોળીથી મોટા ભાગના નાગરિકો ભયભીત થઈ જાય છે. આપણી આસપાસ નાના-મોટા સરિસૃપ જોવા મળે છે. પર્યાવરણના રક્ષક સમા કેટલાય જીવોને આપણે પૂરા જાણતા પણ નથી. સૂકા કે ઘાસના મેદાનમાં, હરિયાળી જગ્યા, જંગલો, તળાવ પાસેના ખડકાળ વિસ્તાર કે પહાડો પર ચિત્ર-વિચિત્ર જીવો રહે છે. બદલાતા પર્યાવરણ તેમના આવાસ કે ખોરાકમાં પડતી મુશ્કેલીને કારણે તે માનવ વસવાટ તરફ ખોરાકની શોધમાં ભટકતા આવી જતાં જોવા મળે છે. શક્તિવર્ધક દવામાં તેના ઉપયોગને કારણે તેની તસ્કરી વધુ થતી જોવા મળે છે. તસ્કરો દ્વારા તેને પકડીને ચીન-મલેશિયા જેવા દેશોમાં મોકલી આપે છે. તેને પકડતી વન્યધારા હેઠળ ગુનો બનતો હોવાથી અવારનવાર આવા ચંદન ઘો પકડનારને પોલીસ પકડતી હોય છે. ઘો ને સાંઢા પણ કહેવાય છે. કચ્છના બન્નીના ઘાસિયા મેદાનમાં તેની વસ્તી વધુ જોવા મળે છે. કદમાં નાની કે મોટી ચંદન ઘો ભારે વજનવાળી હોય છે. ગરોળી કરતા કદમાં ઘણી મોટી હોવાથી પ્રથમવાર જોતા કોઈ પણ વ્યક્તિ ડરી જાય છે. માટીના કલર જેવું શરીર સાથે તેના ચાર પગનો આકાર જોતા પાટલા જેવો દેખાય છે. તેથી તેને પાટલા ઘો કહેવાય છે. ઘણા તેને ધોર કે ધોરપડ કહે છે. સરીસૃપોની ચામડી જે તે વાતાવરણ-માટીને અનુરૂપ જોવા મળે છે. શિકારથી બચવા કુદરતે જ આ કરામત કરી છે. ચંદન ઘો વહેલી સવારે અથવા મોડી સાંજે સક્રીય રહે છે. તે ૧.૭૫ મીટર જેટલી લાંબી હોય છે. એના શરીર કરતા મોટી તેની પૂંછડી હોય છે. જેમાં ખૂબ જ તાકાત હોય છે. શિકાર માટે તેનો ઉપયોગ વધુ કરે છે. ચંદન ઘો નો મુખ્ય ખોરાક કાચિંડા, સાપ, કાચબા, ગરોળી, નાના પક્ષીઓ, મગરના ઈંડા, કરચલા, ઝિંગા, માછલી, કિટકો અને વિંછી જેવા તેનો ભાવતો ખોરાક છે. ચંદન ઘો ની જમવાની સ્ટાઈલ વિચિત્ર છે. તે શિકારને ચાવવાને બદલે દાંતથી ટૂકડા કરીને ગળી જાય છે. તેથી ખોરાકની શોધમાં ઘો શહેરીજનોના ઘરની આસપાસ ભટકતી જોવા મળી રહી છે.

ચોર ઘોનો ઉપયોગ દિવાલ ચડવા માટે કરે છે

શહેરમાં ચોરી કરનારા તત્વો રાત્રી દરમિયાન ચોરી કરવાના હીસાબે નીકળતા હોય છે ત્યારે મોટી દિવાલો ઓળંગવા માટે ઘોનો ઉપયોગ કરે છે. તે દિવાલ પર ચોંટી જાય છે જે ઝડપથી ઉખડતી નથી અને પાટલા ઘો કોઈને કરડતી હોતી નથી તેથી તેનો આ રીતે ઉપયોગ કરાતો હોય છે. ઈતિહાસમાં ઉલ્લેખ છે કે છત્રપતિ શિવાજીની સેનાના સૈનિકો દુશ્મન કિલ્લાની દિવાલ પર ચડવા માટે ઘોનો ઉપયોગ કરતા હતા.

શહેરમાં કેટલીક દુકાનોમાં બીલ બનાવવામાં ઠાગાઠૈયા

દુકાનોમાં બીલની માંગણી કરવા છતા વેપારીઓ દ્વારા ગ્રાહકોને બીલ આપવામાં આવતુ નથી

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરમાં કેટલીક દુકાનોમાં વેપારીઓ દ્વારા ગ્રાહકોને બીલ આપ્યા વગર વસ્તુઓનું વેચાણ કરવામાં આવી રહ્યું છે. જેમાં ગ્રાહકોને બીલની માંગણી કરવા છતાં વેપારીઓ દ્વારા બીલ બનાવીને આપવામાં આવતું નથી. મોટા ભાગની દુકાનો, મોલમાં ગ્રાહકોને અવશ્ય બીલ આપવામાં આવતું હોય છે. પરંતુ શહેરીજનોને કેટલીક દુકાનોમાં આવા કડવા અનુભવો પણ થઈ રહ્યા છે. વેપારીઓ સાથે આ બાબતે બોલાચાલી પણ થતી હોય છે. નાની મોટી ચીજવસ્તુઓની ખરીદી કરતા ગ્રાહકોને જે તે વસ્તુનો ભાવ તાલ જોવા અને તે વસ્તુને બદલવા માટે એક બીલ જ ઉપયોગી બની રહે છે જે ખરીદેલી વસ્તુને પાછી બદલવા માટે વેપારીઓને પ્રુફ તરીકે બતાવી શકાય છે.

પરંતુ કેટલીક દુકાનો ગ્રાહકોને છેતરવા માટેના વેપલા અપનાવી રહી છે. જેથી કોઈને બીલ ન આપવાથી વસ્તુ પાછી બદલવા માટે કોઈ આવી શકે નહી અને દુકાનદારોને ફાયદો થઈ જાય. શહેરમાં મોટા ભાગની દુકાનોમાં બીલ દ્વારા જ વેપાર કરવામાં આવે છે અને હવે તો ઓનલાઈન માધ્યમથી પેમેન્ટ ચાલુ થઈ ગયા છે ત્યારે ઈ વે બિલ સહેલાઈથી મળી જાય છે પરંતુ આ ઓનલાઈન જમાનમાં પણ અમુક વેપારીઓ દ્વારા ગ્રાહકોને છેતરવાના ધંધા કરવામાં આવી રહ્યા છે.

ગ્રાહક સુરક્ષાના હક્કો મુજબ દરેક ગ્રાહકને ખરીદેલી વસ્તુનું બીલ લેવાનો ચોક્કસથી અધિકાર છે. મોનોપલીઝ એન્ડ રિસ્ટ્રીક્ટીવ ટ્રેડ પ્રેકટાઈસીસ એક્ટ ૧૯૬૯ની કલમ ૩૬ એ મુજબ ગ્રાહકના હિતના ભોગે માલ વેચવાની પ્રથા એટલે કે ટૂંકમાં અનુસૂચિ વેપાર ધંધાની પ્રથામાં છેતરામણી થાય તો ગ્રાહકે ફરિયાદ અવશ્ય કરવી જોઈએ. ફરિયાદ કરવા માટે ગ્રાહક સુરક્ષા અધિનિયમ ૧૯૮૬ મુજબ ત્રિસ્તરીય માળખાની વ્યવસ્થા કરવામાં આવી છે.

સેક્ટર-૨૧ પોલીસ ચોકીની સામે જ એક કારે એક્ટીવાચાલક મહિલાને જોરદાર ટક્કર મારી હતી. કારની ટક્કર વાગતા મહિલા કર્મી ઈજાગ્રસ્ત થતા તેમને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પોલીસે કારચાલક પાસેથી દંડ વસુલ્યો હતો.

ફિલ્મ નાયિકા દેવી જાહેર કરાઈ કરમુક્ત

ગુજરાત સરકારની મહત્વની જાહેરાત : સિનેમાગૃહ દ્વારા ચૂકવવામાં આવતા SGSTની પરત ચુકવણી તેમને રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવશે



ગાંધીનગર , તા. ૩

ગુજરાતી ફિલ્મ નાયિકા દેવી ગુજરાતના સિનેમાગૃહો દ્વારા આ ફિલ્મ પ્રદર્શિત કરવા બદલ ચૂકવાયેલા કરનું વળતર તેમને રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવશે.રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતી ચલચિત્ર નાયિકા દેવીને રાજ્ય સરકારની ફિલ્મ પ્રોત્સાહન નીતિના મળવાપાત્ર થતા લાભો આપવાની જાહેરાત કરી છે.

આ ફિલ્મના પ્રદર્શન બદલ જે-તે સિનેમાગૃહ દ્વારા ચૂકવવામાં આવતા જીએસ્ટીની પરત ચુકવણી તેમને રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવશે. આ માટે સિનેમાધારકે 'આ ફિલ્મ કરમુક્ત છે' તેવું સ્પષ્ટ દર્શાવવાનું રહેશે. તેમજ ફિલ્મના પ્રદર્શન બદલ ચૂકવાયેલા જીએસ્ટી ના વળતર માટે ગાંધીનગર માહિતી નિયામકની કચેરી ખાતે નિયત નમૂનામાં આવશ્યક પુરાવાઓ રજૂ કરીને ક્લેઈમ કરી શકાશે. આ ફિલ્મમાં ખુશી શાહ મુખ્ય ભૂમિકા નિભાવવા જઈ રહી છે. તેની સાથે ચંકી પાંડે, મનોજ જોશી, ચિરાગ જાની પણ મુખ્ય ભૂમિકાઓમાં જોવા મળશે.

ચંકી પાંડે આ ફિલ્મમાં મોહમ્મદ ઘોરીની ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મના મ્યુઝિક કમ્પોઝર છે પાર્થ ભરત ઠક્કર, જેમના એનર્જીભર્યા મ્યુઝિકને કારણે ટ્રેલરમાં અલગ જ પ્રકારનો જુસ્સો જોવા મળી રહ્યો છે. ફિલ્મમાં ચિરાગ જાની નાયિકા દેવીનાં પતિના રોલમાં છે. નાયિકા દેવીઃ ધ વોરિયર ક્વીન ગુજરાતી સિનેમાની પહેલી ઈતિહાસ પર આધારિત ફિલ્મ હશે, જેને ટ્રી એન્ટરટેઈનમેંટ પ્રોડ્યુસ કરી રહ્યું છે. ફિલ્મનું નિર્દેશન નીતિન જી. દ્વારા કરવામાં આવ્યું છે.

ફિલ્મનાં પ્રોડ્યુસર ઉમેશ શાહ કહે છે કે હું આ ફિલ્મને અત્યાર સુધી જે પ્રતિસાદ મળી રહ્યો છે, તે જોઈને ખૂબ જ ખુશ છુ. આ ફિલ્મનો સૌથી મોટો પ્લસ પોઈન્ટ છે ચંકી પાંડે. તેમણે પોતાનો રોલ પરફેક્શનથી નિભાવ્યો છે અને અમે સ્ક્રીન પર મોહમ્મદ ઘોરીની ઝલક દર્શકો સુધી પહોંચાડવા માટે આતુર છીએ. જ્યારે નિર્દેશક નીતિને પણ ચંકી પાંડેનાં વખાણ કરતા કહ્યું છે કે ચંકી પાંડેએ મોહમ્મદ ઘોરીનાં પાત્ર સાથે ન્યાય કર્યો છે

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. ચીમનભાઈ પટેલની જન્મ જયંતિ નિમિત્તે તેમની સમાધિ નર્મદા ઘાટ ખાતે પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાર્થના સભામાં રાજકીય અગ્રણીઓ, પરિવારજનો અને મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીએ ૨૫.૭૯ કરોડના પાણી પુરવઠાના કામો મંજૂર કર્યા

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે મંજુર : ભાવનગર મનપા તથા અમરેલી અને માળિયા-મિયાણા નગરપાલિકાઓ માટે સૈદ્ધાંતિક મંજુરીઓ આપી છે

ગાંધીનગર, તા.૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના નગરો-મહાનગરોમાં નાગરિકોને પીવાનું પાણી પુરતા પ્રમાણમાં મળી રહે તેવી પ્રતિબદ્ધતા સાથે ભાવનગર મહાનગરપાલિકા તથા અમરેલી અને માળિયા-મિયાણા નગરપાલિકાઓ માટે કુલ ૨૫.૭૯ કરોડ રૂપિયાના પાણી પુરવઠાના વિવિધ કામોને એક જ દિવસમાં સૈદ્ધાંતિક મંજુરીઓ આપી છે.

. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ ભાવનગર મહાનગરપાલિકાની રૂ. ૧૪.૫૧ કરોડની જે દરખાસ્ત સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશને રજુ કરી હતી તેને તેમણે અનુમતિ આપી છે

આ દરખાસ્ત મંજુર થવાથી ભાવનગર મહાનગરપાલિકા દ્વારા પાણી પુરવઠા યોજનાની વિતરણ વ્યવસ્થા માટે તમામ ડી.આઈ પાઈપ લાઈન સાથે કામગીરી કરાશે આના પરિણામે ભાવનગર મહાપાલિકામાં ૨૦૨૦થી નવા સમાવાયેલા અધેવાડા ગામ વિસ્તારની ૨૫ હજાર જેટલી જનસંખ્યાને પાણી વિતરણનો લાભ મળશે. મુખ્યમંત્રીએ આ ઉપરાંત ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન દ્વારા રજુ થયેલી અમરેલી નગરપાલિકાની પાણી પુરવઠા યોજનાના કામો માટેની ૭.૨૬ કરોડ રૂપિયાની દરખાસ્ત અને માળિયા-મિયાણા નગરપાલિકાની ૪.૦૨ કરોડ રૂપિયાની દરખાસ્ત પણ મંજુર કરી છે

આ બંને નગરપાલિકા વિસ્તારની આગામી ૨૦૫૨ ના વર્ષની અંદાજિત વસ્તીને ધ્યાનમાં લઈને આ પાણી પુરવઠા યોજનાના કામોની મંજુરી આપવામાં આવી છે. માળિયા-મિયાણા નગરપાલિકાને હાલ નર્મદા પાઈપ લાઈનથી ૨.૨૩ એમ.એલ.ડી અને અમરેલીને ૨૬ એમ.એલ.ડી પાણી પુરવઠાનું વિતરણ કરવામાં આવે છે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ બે નગરપાલિકાઓ માટે મંજુર કરેલી સુચિત યોજનાના મુખ્ય ઘટકોમાં વિતરણ વ્યવસ્થા, કમ્પાઉન્ડ વોલ, ડિસ્ટ્રીબ્યૂશન નેટવર્કપી.વી.સી, ઊંચી ટાંકી, સંપ, પમ્પ હાઉસ, રાઈઝીંગ મેઈન, વીજજોડાણ વગેરે બાબતોના કામોનો સમાવેશ થાય છે.

ગાંધીનગરના નારદીપુરમાં ૪ જૂને ૩૦૦ વર્ષ જૂના રામ મંદિરનો શિલાન્યાસ

અમેરિકાના એનઆરઆઈ ૬ મિત્રોના વિચાર બાદ ૧૦ કરોડના ખર્ચે મંદિર તૈયાર કરાશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરમાં આવેલા નારદીપુર ગામ ખાતે આબેહૂબ રામ મંદિરનું નિર્માણ થવા જઈ રહ્યું છે.

આ મંદિરનો શિલાન્યાસ ૪ જૂને કરવામાં આવશે. અયોધ્યાના રામ મંદિરના ગર્ભ ગૃહથી લઈને આ મંદિરનું ડિઝાઈન એક જેવું જ તૈયાર કરાશે. અયોધ્યા રામ મંદિર અને નારદીપુર રામ મંદિરનું ડિઝાઈન પરેશભાઈ સોમપુરા દ્વારા તૈયાર કરાશે. આ મિની રામ મંદિર ૧૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવશે. મંદિરને ૫ શિખરથી તૈયાર કરવામાં આવશે તેમજ ૨૦૦ થી વધુ કારીગરો આ મંદિરને તૈયાર કરશે. મંદિરમાં પથ્થર રાજસ્થાનના બંસીપુરા ગામથી મંગાવવામાં આવશે. મંદિરને ૩ વર્ષ જેટલા સમયમાં તૈયાર કરવામાં આવશે.

મંદિરના ટ્રસ્ટી વી.પી. પટેલના જણાવ્યા અનુસાર અમેરિકામાં રહેતા ૬ મિત્રો દ્વારા નક્કી કરવામાં આવ્યું હતું કે જો અયોધ્યામાં ભવ્ય રામ મંદિર તૈયાર થઈ શકે તો આપણા ગામમાં ૩૦૦ વર્ષ જુનુ રામ મંદિરનું નવી રીતે નિર્માણ કરીને કેમ તૈયાર ન કરી શકાય. અમેરિકામાં રહેતા ૬ મિત્રોએ નક્કી કર્યા બાદ નારદીપુરના રામ મંદિરનું નિર્માણ કાર્ય કરવામાં આવી રહ્યું છે. ટ્રસ્ટી

ભરતભાઈ પટેલ અને ઘનશ્યામભાઈ પટેલના જણાવ્યાનુસાર આ મંદિર ૧૦ થી ૧૧ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવશે. આ માટે દાન પણ એકત્રિત કરવામાં આવી રહ્યું છે. તારીખ ૨, ૩ અને ૪ જૂનના રોજ મંદિરનો શિલાન્યાસ સાથે વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પ્રથમ દિવસે કીર્તિદાન ગઢવી, ગીતા રબારી અને માયાભાઈ આહીરે ડાયરો કર્યો હતો. બીજે દિવસે શેલામાં નગરયાત્રા નીકળી હતી જેમાં ગામ તેમજ આજુબાજુના ૭ ગામના લોકોએ ભાગ લીધો હતો. ૪ જૂને સવારે પ.પૂ. મહંત દુર્ગાદાસજી મહારાજ અને પ.પૂ. આચાર્ય અવિચલદાસજી મહારાજના આશીર્વચનનું આયોજન કરવામાં આવ્યું છે. ૪ જૂને શિલાન્યાસ કાર્યક્રમ યોજાશે.

રાજ્યમાં કોરોના વાયરસના નવા કુલ ૪૬ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૩

રાજ્યમાં કોરોનાના નવા ૪૬ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૩૩ દર્દીઓ સાજા પણ થઇ ચુક્યાં છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૪,૧૨૭ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૦૯ ટકા સુધી પહોંચી ચુક્યો છે. બીજી તરફ કોરોનાના રસીકરણ મુદ્દે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે કોરોનાના કુલ ૬૭,૮૯૫ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા.

બીજી તરફ એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૨૬૭ એક્ટિવ કેસ છે. જે પૈકી કોઇ પણ નાગરિક વેન્ટિલેટર પર નથી. તમામ ૨૬૭ નાગરિકો સ્ટેબલ છે. અત્યાર સુધીમાં કોરોનાને કુલ ૧૨,૧૪,૧૨૭ નાગરિકો કોરોનાને હરાવી ચુક્યાં છે. તો બીજી તરફ ૧૦,૯૪૪ નાગરિકોનાં કોરોનાને કારણે મોત થઇ ચુક્યાં છે. જો કે રાહતના સમાચાર કહી શકાય કે આજે કોરોનાને કારણે એક પણ નાગરિકનું મોત નથી થયું. નવા નોંધાયેલા કેસની વાત કરીએ તો અમદાવાદ કોર્પોરેશનમાં ૨૬, વડોદરા કોર્પોરેશનમાં ૯, જામનગર કોર્પોરેશન ૩, સુરત કોર્પોરેશન ૩, રાજકોટ કોર્પોરેશન ૨ અને ગાંધીનગર, મહેસાણા અને સુરતમાં ૧-૧ કેસ નોંધાયા છે. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં ૧૮ વર્ષથી વધારેની ઉંમરના ૧૦૩૦ નાગરિકોને રસીનો પ્રથમ અને ૨૪૭૮૧ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૧૫-૧૭ વર્ષના નાગરિકો પૈકી ૧૫૦ ને રસીનો પ્રથમ અને ૩૮૪૪ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૨૮૦૪૧ ને પ્રીકોર્શન ડોઝ અપાયો હતો.